# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૨-A તા.૧૩-૦૯-૨૦૨૪

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ :-

વિષય :- શ્રીમદ્ ભગવદ્ ગીતાના મૂલ્યો અને સિદ્ધાંતો ભાગ-૧ માટે ધોરણ ૬ થી ૮ ના શિક્ષકો માટેના ઓનલાઈન કોર્સ અંગેની ટેલીકોન્ફરન્સમાં શિક્ષકોને જોડાવા બાબત.

સંદર્ભ :- જીસીઈઆરટી/અભ્યાસક્રમ/૨૦૨૪/૨૦૨૦૭-૩૨૦, તા.૧૨-૦૯-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકોને ઉપરોક્ત વિષય અને સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ સંદર્ભે ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાન પ્રણાલીનો સમન્વય કરવાના ભાગરૂપે પ્રથમ તબક્કે ધો. ૬ થી ૮માં સર્વાંગી શિક્ષણના ભાગરૂપે શ્રીમદ્ ભગવદ્ ગીતાના મૂલ્યો અને સિદ્ધાંતો-ભાગ ૧ નું પુસ્તક આપવામાં આવેલ છે. જે અંગે રાજ્યના શિક્ષકોને જાણકારી મળે તે જીસીઈઆરટી દ્વારા તા.૧૪-૦૯-૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ દરમ્યાન ટેલિકોન્ફરન્સનું આયોજન કરેલ છે. જેનું જીવંત પ્રસારણ બાયસેગ- વંદે ગુજરાત- ચેનલ ૫ પરથી કરવામાં આવનાર છે.તો તમામ બી.આર.સી.કો.ઓ., સી.આર.સી.કો.ઓ., મુખ્યશિક્ષકો અને ધો.૬ થી ૮ ના તમામ શિક્ષકો આ કાર્યક્રમ નિહાળે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા જણાવવામાંઆવે છે. વધુમાં સદર કાર્યક્રમનો ફોટોગ્રાફનો અહેવાલ ઝોન કચેરી મારફતે મુખ્યઓફિસે મોકલી આપવાના રહેશે.

બિડાણ:- સંદર્ભિત પત્ર

તા.૧૩-૦૯-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક : જીસીઇઆરટી/અભ્યાસક્રમ /2024 / 20207 - 321
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
વિદ્યાભવન, સેક્ટર - 12, ગાંધીનગર
ફોન : (079) 23256813 - 39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ઇ-મેઇલ : gcert12@gmail.com

सत्यमेव जयते

નિયામક

તારીખ : 12/09/2024

12 SEP 2024

પ્રતિ

પ્રાચાર્યશ્રી,જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી,તમામ

**વિષયઃ શ્રીમદ્ ભગવદ્ ગીતાના મૂલ્યો અને સિદ્ધાંતો ભાગ – 1 માટે ધોરણ 6 થી 8 ના શિક્ષકો માટેના ઓનલાઇન કોર્સ અંગેનીટેલીકોન્ફરન્સમાં શિક્ષકોને જોડવા બાબત**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 સંદર્ભે ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાન પ્રણાલીનો સમન્વય કરવાના ભાગરૂપે પ્રથમ તબક્કે ધોરણ 6 થી 8 માં સર્વાંગી શિક્ષણના ભાગરૂપે શ્રીમદ્ ભગવદ્ગીતાનાં મૂલ્યો અને સિદ્ધાંતો - ભાગ 1નું પુસ્તક આપવામાં આવેલ છે. જે અંગે રાજયના શિક્ષકોને જાણકારી મળે તે ઉદ્દેશથી જીસીઇઆટરી દ્વારા **તા.14/09/2024ને શનિવારના રોજ સવારે 9.00 થી 11.00 દરમિયાન** ટેલીકોન્ફરન્સનું આયોજન કરેલ છે. આ ટેલીકોન્ફરન્સનું પ્રસારણ **બાયસેગ- વંદે ગુજરાત - ચેનલ 5** પરથી જોઇ શકાશે.

ટેલીકોન્ફરન્સના માધ્યમથી **શ્રીમદ્ ભગવદ્ ગીતાના મૂલ્યો અને સિદ્ધાંતો ભાગ – 1 પાઠ્યપુસ્તક** વિશે માહિતગાર કરવામાં આવશે. જેમાં આ પાઠ્યપુસ્તક સંદર્ભે 1) NEP – 2020, ભારતીય જ્ઞાન પરંપરા અને શ્રીમદ્ ભગવદ્ ગીતા, 2) શ્રીમદ્ ભગવદ્ ગીતાના મૂલ્યો અને સિદ્ધાંતો ભાગ- 1 પાઠ્યપુસ્તક અંતર્ગત હેતુઓ અને વિષયવસ્તુ, 3) શ્રીમદ્ ભગવદ્ ગીતાના મૂલ્યો અને સિદ્ધાંતો ભાગ- 1 પાઠ્યપુસ્તક અંતર્ગત અધ્યાપન અભિગમ અને વિશેષતાઓ અને 4) શ્રીમદ્ ભગવદ્ ગીતાના મૂલ્યો અને સિદ્ધાંતો ભાગ -1 પાઠ્યપુસ્તકની પ્રવૃત્તિઓ અને મૂલ્યાંકન વિશે માર્ગદર્શન આપવામાં આવશે.

આપના જિલ્લાના તમામ બીઆરસી કો-ઓશ્રી, સીઆરસી કો-ઓશ્રી, પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકો અને ધોરણ 6 થી 8 ના તમામ શિક્ષકો આ ટેલીકોન્ફરન્સમાં જોડાય તે માટે જરૂરી આયોજન કરવા આથી જણાવવામાં આવે છે.

( પી.કે.ત્રિવેદી )
નિયામક
જીસીઇઆરટી
ગાંધીનગર

નકલ સવિનય રવાના : સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર